વમી ગુજરાતી સાહિત્ય પરિષદ

ધર્મની ભૂમિકા

જયેન્દ્રરાય દૂરકાળ.

ધર્મની ભૂમિકા

ધર્મનું સ્વરૂપ

ધર્મની અનેક વ્યાખ્યાઓ અપાઈ છે તે બધીમાં ગુંચવાઈ પાછી ગૂંચ ઉકેલવાનો અત્યારે આપણને અવકાશ નથી. આપણે જાણિયે છિયે કે ધર્મની પાછળ ભાવના છે. વિચારણા છે, અને આચરણ એ તો એનું મુખ્ય અંગજ છે. કોઈ માણસ ધર્મ સંબંધી મ્હોટી મ્હોટી વાતો કરતો હોય પણ ધર્મ તેનો જીવનમાં ઓતપ્રોત થયો હોય નહિ તો આપણે તેને ધાર્મિક નહિ કહિયે. ધર્મ શબ્દની મુખ્ય વ્યંજના આચરણ પરત્વે છે. અથવા બીજી રીતે કહિયે તો સદાચરણ એ ધર્મનું સ્થૂલ શરીર છે, સદ્-વિચાર એ એનું સૂક્ષ્મ શરીર છે. અને ઇશ્વર એ એનો આત્મા છે.

ધર્મનાં રૂપકો

એ ધર્મની વિભાવના અનેક રીતે કરવામાં આવે છે. ભગવાન્ વેદવ્યાસ એને વૃષભ રૂપે વર્ણે છે અને એના ચાર પાદ કલ્પે છે. ભગવાન્ મનુ ધર્મને જાણે એક વીર પુરૂષ રૂપે કલ્પતા હોય એમ કહે છે કે ધર્મ તેના હણનારને હણે છે અને તેના રક્ષનારને રક્ષે છે. વળી ધર્મને વિરાટ્ ભગવાન્નું હૃદય પણ કહેવામાં આવે છે. એક ઠેકાણે દુસ્તર અંધકારના સાગરને તરવાના સહાયક તરવૈયા રૂપે પણ ધર્મને કલ્પ્યો છે. જગન્માતા મહામાયાના વાહન રૂપે અને વિકરાળ સ્વભાવના સિંહ રૂપે તેમજ જીવનના અનેક મહાપ્રશ્નો પૂછનારા, જીવનનાં વારિની વાવ્યમાં રહેનારા અદૃશ્ય યક્ષ રૂપે પણ એને વર્ણવાય છે.

ધર્મ સ્હામે વિજ્ઞાનને પટકવામાં આવે છે; પણ વિજ્ઞાનની સર્વ હોલાતો

કેવા તર્કના પાયા ઉપર રચાયગેલી છે એ આપણે જોઈ લીધું હોય તો તેથી આપણને ક્ષોભ ન થાય. વિજ્ઞાનની પણ

ધર્મ અને વિજ્ઞાન

મ્હોલાતો છે એમ આપણે સુખેથી કહીશું. વિજ્ઞાન મહેલોને ચણાવે છે, ચલાવે છે અને ભવિષ્યમાં કદાચ ઉંચાયે ચઢાવશે. કેટલાક લોકો એનાથી કંટાળે છે કે ગભરાય છે કે ચીડાય છે પણ એમાંનું કાંઈ કરવાની જરૂર નથી. અલબત એટલું ખરૂં કે એમાં પરોવાયેલું જીવન ઘણી વાર માનવજીવનના મહત્તર પુરૂપાર્થોમાંથી પરાઙ્મુખ થાય છે. એ વિજ્ઞાન જ્યારે માનવોના વિનાશ કે વિષાદને અર્થે વપરાય ત્યારે તો એ ન હોય તોય સારૂં એમ પણ મનમાં થાય એ સ્વાભાવિક છે પણ એ વિજ્ઞાનના ઉપયોગનો પ્રશ્ન છે અને તે પ્રશ્નમાં આપણે અત્યારે ઉતરતા નથી. વિજ્ઞાનમાં નેતૃત્વ ધરાવનારા જર્મનિમાંજ ત્યાંના નિશ્રે આદિ અધ્યાત્મવાદી (વાઈટલિસ્ટ) ફિલસુફોએ મહાસંગ્રામ પ્હેલાંથીજ અને રૂડૉલ્ફ ઑઇકેન જેવા વિચારકોએ સંગ્રામ પછી,—જડવાદે આપેલી સામર્થ્ય અને સુખની આશાઓ કેવા ઝાંઝવાના જળ જેવી નીવડી છે એ જાહેર કરી દીધું છે. મ્હને આશા છે કે ઇન્દ્રિયવિજ્ઞાનવાદની સસ્કારહીન ધોકો પછાડવાની અને ધતિંગ જમાવવાની પરિપાટી (જેને પૉલ નેટૉર્પ profound uncultured dogmatism and absolutism *of the mere empirists* કહે છે) થી આપ મોહિત થશો નહિ.

ધર્મ સંબંધી જે કટાક્ષ અને બેદરકારી પચ્ચીસ વર્ષ પૂર્વે હતાં તે આજ નથી. અને એનાં કારણો ઘણાં છે. યુરોપમાં પણ મહાસંગ્રામ પ્હેલાં ધર્મ પ્રત્યે જે અશ્રદ્ધા હતી તેની તીક્ષ્ણતા કંઈક

ધર્મ અને જીવન

ઓછી થઇ છે અને પાછું એક સંયોજક, નિયામક અને પૂજનીય તત્ત્વ તરીકે ધર્મ તરફ વિદ્વાનોનું લક્ષ ગયું છે. અનુભવે આપણને શીખવ્યું છે કે ધર્મ એ જીવનનો નિમાયકજ નથી પણ સંયોજક છે અને જીવનચર્યાનો પ્રતિબંધક નહિ પણ એનો વ્યવસ્થાપક છે. આપણે હવે ઝાંખુ ઝાંખુ પણ જોઈ શકિયે છિયે કે ધર્મ વિનાની પ્રજા, ધર્મ વિનાનો સમાજ, અને ધર્મ વિનાનું જીવન એ ઉદાર અને ઉત્કૃષ્ટ આશયોમાંથી સ્ખલિત થાય છે.

ધર્મ અને નીતિ

કેટલાક નીતિનેજ ધર્મનું સર્વસ્વ માનતા જણાય છે. પણ વસ્તુતાએ નીતિ એ ધર્મનું ફળ છે અને ચારિત્ર્યનું મુખ્ય પ્રેરક બળ તો ધર્મ-ભાવના છે. આપણી સર્વે પ્રિય સંસ્થાઓ, ગૃહ અને રાજ્ય, કુટુંબ અને આદર્શો, ધર્મમાંથી ઉદ્‌ભવે છે, ધર્મથી પોષિત થાય છે, અને ધર્મથીજ સફલ અને સુફલ થાય છે. ધર્મ વિના નીતિની ઇમારત રેતીના પાયા ઉપર રહેલી કહેવાય છે તે ખોટું નથી. ધર્મભાવના વડેજ નીતિ ઉપર ચિરંતન શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. વધારે માણસનું વધારે હિત કે એવાં બીજાં નીતિ સૂત્રો તકરારો કરવાના કામમાં આવે પણ જીવનના કટાકટીના પ્રસંગોમાં સહાયભૂત થતાં નથી. નીતિનાં નાવનાં પ્રસ્થાન ધર્મમાંથી અને તેનાં વિશ્રામ-સ્થાન પણ ધર્મમાંજ છે.

નીતિનાં સૂત્રો

પણ અત્યારના સમયની શંકા તો એ છે કે 'નીતિનુંજ ક્યાં ઠેકાણું છે કે અમને એમાં પ્રેરવા મથો છો? મનુષ્યની જૂદી જૂદી જાતિઓના નીતિનિયમો ક્યાં સરખા છે? એટલું બધું વૈચિત્ર્ય છે કે તમારો એક નિયમ ભાગ્યેજ ટકી શકે.' આ પ્રકારની શંકા ખાસ હિંમત બહાદૂર યુવકો વિના કોઈ ભાગ્યેજ કરે છે. પણ પાશ્ચાત્ય કેળવણી પામેલા બધાનાં માનસમાં એ શંકાના સીરમનું ઇન્જેકશન તો કેળવણીએ મૂકી દીધું હોય છે જ. આ પ્રકારની શંકાની પાછળ વિચારશૈથિલ્ય એ છે કે સત્યનો ને નીતિનો આધાર કેમ જાણે માનનારાની બહુમતી અથવા એક-મતી ઉપર રહેતો હોય એમ એ સ્વીકારી લે છે. વસ્તુતઃ સત્યનાં કે નીતિનાં સૂત્રો તો સનાતન છે. તે સૂત્રો મનુષ્યના જીવનને અને માનસને પણ અહોનિશ માપ્યા કરે છે અને એ સૂત્રોનું કેન્દ્ર માનવનું માનસ નહિ પણ વિરાટનું માનસ છે.

જીવનના પ્રશ્નો

માનવજીવનના મુખ્ય પ્રશ્નો ત્રણ. આ જીવનમાં આપણું કર્તવ્ય શું? આપણું ધ્યેય શું? અને આપણે જ્ઞાતવ્ય શું? આ પ્રશ્નો અગત્યના છે, મૌલિક છે અને માર્મિક છે. બુદ્ધિની નિર્બળતાનું આપણે દિગ્દર્શન કર્યું. અને તે ઉપરાંત મહાન સત્યોના સંબંધમાં જે અનવસ્થા, સંશય, વિપર્યય અથવા વિકલ્પ અત્યારે દેખાય છે એ પણ બતાવી આપે છે

કે મનુષ્યની મર્યાદિત, ઘેરાયેલી, સંસ્કારાધીન અને પરિણામી બુદ્ધિમાત્ર વડે મૌલિક સત્યોનો નિર્ણય થવો કઠિન છે, લગભગ અશક્ય છે. પરંતુ મનુષ્ય પોતાની અપૂર્ણતાને પોતે તો ક્ષણે ક્ષણે દેખે છે એટલે એની પોતાની બુદ્ધિની ન્યૂનતા એને ફરી ફરી બતાવવી પડે એમ નથી.

ઇશ્વરપ્રેરિત જ્ઞાન

આ સ્થાને એ પ્રશ્ન હોઈ શકે કે 'જો બુદ્ધિથી આ બધાનો નિર્ણય ન કરિયે તો પછી શેનાથી એ નિર્ણય કરવો?' 'બુદ્ધિથી વધારે બીજું શું હોઈ શકે?' 'બુદ્ધિ કદાચ જોઇયે તેટલી બળવાન નથી પણ એનાથી વધારે બળવાન બીજું શું છે?' આ શંકા ન્હાનીસૂની નથી પણ તેનું સમાધાન છે. એક તરફથી મનુષ્યબુદ્ધિ સ્વાભાવિક સ્ખલનવાળી છે અને બીજી તરફથી મનુષ્યનો સ્રષ્ટા પ્રભુ દયામય છે. એટલે મનુષ્યને તેની જીવનયાત્રાનો માર્ગ દેખાડનાર ઇશ્વરપ્રેરિત કોઈ જ્ઞાનનો સંભવ સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. પણ આવા સંભવ માત્રથીજ આપણે તેવું જ્ઞાન ખોળવા તત્પર થતા નથી. ખોળવાપણુંજ નથી. આપણી પાસેજ આપણા પૂર્વજોએ આગ્રહથી, પ્રેમથી અને પ્રયત્નથી રક્ષિત કરેલું જ્ઞાન છે. એ જ્ઞાન ઈશ્વર પ્રેરિત છે એમ આપણને પુરાતન સમયથી જણાવવામાં આવ્યું છે. આપણે તદનુસાર આપણા જીવનના મોંઘેરા પ્રસંગોને નિર્મિત કરવાને તૈયાર થઇયે છિયે, એને રાજ્યના એક શ્રદ્ધેય અંગ તરીકે સ્વીકારિયે છિયે અને એને આધારે આપણા સગાંવ્હાલાંના દાયભાગો ઉપર પણ હક્ક કરિયે છિએ. આવું જે જ્ઞાન આપણને પરંપરાદ્વારા મળ્યું છે, જેનાથી આપણું જીવન ઘણે અંશે ઘડાય છે, જેની સત્યનિષ્ઠાને લીધે અનેક વિદ્વાનો એને આજ સુધી પૂજી રહ્યા છે અને જેના ઉચ્ચ આદર્શો આપણને પ્રતિદિન આકર્ષી રહ્યા છે એમાં આપણે વિશ્વાસ કાં ન રાખિયે? આ જ્ઞાનરાશિ તેના પ્રેરક પરમાત્મા જેટલો ગંભીર અને અપ્રમેય હોય તેમાં પણ શું આશ્ચર્ય છે? તેમાં આપણી પરિમિત બુદ્ધિને કેટલાંક શંકાસ્થાનો લાગે એ સ્વાભાવિક છે. ન લાગે તો નવાઈ કહેવાય. અને વળી જ્યારે આપણે જોઇયે છિયે કે ધીમંતોએ, ધુરંધરોએ, સંતોએ અને

મહાત્માઓએ એનાં પરિશીલન કર્યાં છે, માહાત્મ્ય વિસ્તાર્યાં છે અને શાશ્વતી શાન્તિ પ્રાપ્ત કરી છે ત્યારે એના વિરોધીઓના મત ઉપર વધારે ભાર મૂકવાનું આપણને મન થતું નથી. આપણે કહિયે છિયે કે એ શંકાસ્થાનો ભલે હોય એ જ્ઞાનરાશિને માપવા જેટલી કે એના ઉપર લીટા મારવા જેટલી શક્તિ અમારી નથી. અને બીજું કાંઈ વધારે સંતોષજનક શાસ્ત્ર માનુષી ગ્રંથોમાં અમને જણાતું નથી. તેમજ ધર્મગ્રંથોને ત્યાગી તેની વિરુદ્ધ જવા અમારી ક્ષણસ્ખલન્ત સ્વૈરિણી બુદ્ધિને અમારૂં જીવન નોછાવર કરી દેવા અમે તૈયાર નથી. આ શાસનાઓમાં અને વિશેષ કરીને તેના અનુપાલનમાં અમને સંતોષ, સુખ અને શાન્તિ પ્રાપ્ત થાય છે. આવા મંતવ્યમાં બુદ્ધિ, હૃદય, ભાવના અને વિવેક બધાને સ્થાન છે. આવા પ્રકારની આસ્તિકની શ્રદ્ધા એ મ્હને તો વધારે સબળ અને સપ્રમાણ લાગે છે.

શ્રદ્ધાનું દૃષ્ટિબિન્દુ

જ્યારે હું જોઉં છું કે પોતાની દૃષ્ટિરેખા પ્રમાણે સૃષ્ટિ આમ કે આમ દેખાય છે; પદાર્થ વિજ્ઞાનની આમ કે આમ ચાળવણી થઈ શકે છે, એકની એક વસ્તુ સારી ને ખોટી દેખાઈ શકે છે, ન હોય તે ઝાંઝવાના જળની પેઠે દેખાય છે ને હોય તે દિવસે તારાની પેઠે દેખાતું નથી ત્યારે મ્હને વેદાંતનો દૃષ્ટિસૃષ્ટિવાદ જાણે સોળે સોળ આના ખરો હોય નહિ એમ લાગે છે. ગેલિલિઓની પ્હેલાંનો યુરોપ અત્યારના યુરોપના જેટલાજ આગ્રહથી સૂર્યને પૃથ્વીની આસપાસ ફરતો માનતો. પાંચસો વર્ષ પ્હેલાં આપણા પૂર્વજોને ધર્મપુસ્તકોની વાતોમાં કંઈ અસંભવ જેવું લાગતું નહિ અને બે હજાર ગાઉથી એક માણસ બીજા જોડે બે પાંચ ક્ષણમાં વાત કરી શકે એજ એ લોકોને કદાચ કેવળ અસંભવિત લાગે. સૃષ્ટિનું દર્શન એ આપણી દૃષ્ટિ ઉપર ઘણે અંશે નિર્ભર છે એટલુંજ નહિ પણ એક પ્રત્યક્ષ અથવા અપરોક્ષ અનુભવ બુદ્ધિજન્ય અથવા તર્કજન્ય અનેક મંતવ્યોને વિદારી નાંખે છે. ઇતિહાસનાં મતવ્યોનાં દૃષ્ટિબિન્દુઓ બદલાય છે. વિજ્ઞાનનાં મંતવ્યોમાં તો વખતોવખત પરિવર્તન થયાં જ કરે છે. સારૂં છે કે આપણા વિજ્ઞાનપૂજકોએ એનો એક સારો ખુલાસો રાખી મૂક્યો છે કે મંતવ્યોના બદલાવાને વિજ્ઞાનની પ્રગતિ કહેવી. મનુષ્યોનાં સ્નેહમન્દિરો અને પૂજાસ્થાનો

પણ બદલાય છે તો બીજાનું શું કહેવું ? કદાચ કોઈ ભવિષ્યમાં એવી શોધ કરે કે અખૂટ શક્તિ આપનારાં માનસિક 'વાઈટેમાઇન' ધર્મમાં સૌથી વધારે પ્રમાણમાં છે તો મ્હને જરાય આશ્ચર્ય થાય નહિ.

કહેવાનું તાત્પર્ય એ છે કે મનુષ્યને સત્યના, ઉપાસનાના અને કર્તવ્યના રાજમાર્ગની પ્રધાન પ્રેરણા તેના પ્રેમમય પિતા તરફથી વિરલ પુણ્યાત્માઓ દ્વારા પ્રાપ્ત થયેલી છે એ પ્રકારનું મંતવ્ય અથવા શ્રદ્ધા સર્વ ધર્મોની પાછળ વિદ્યમાન છે. તોફાનથી, અંધકારથી અને સાગરનાં મોજાંઓથી ઘેરાયેલો સનાતન માનવ, નવા માનવ ન્યુમૅનની પેઠે પ્રેમલ જ્યોતિને કહે છે કેઃ—

માનવ હૃદયની આકાંક્ષા

Lead, kindly Light, lead thou me on !

પ્હેલાં તો એ જરા અહંપદમાં રહે છે પણ પછી અનુભવ એને થોડીજ વારમાં ઘડે છે. એ મુંઝાય છે અને સનાતન સત્ય તરફ ધસે છે.

तमसो मा ज्योतिर्गमय । (ઉપનિષદ્)

એવી એ ભાવના કરે છે; અને શિષ્ટોના અને સંતોનાં સુપૂજિત અને સુરક્ષિત દાયભાગ રૂપ–પ્રસાદરૂપ–જ્ઞાનરાશિ તરફ વળે છે. એ કહે છે કેઃ—

"હે ખુદા, હમ તેરીહિ પૂજા કરતે હૈ, ઔર તુમ્હીસે મદદ માંગતે હૈ. હમકો સીધી રાહ દિખલા." (સુરે ફાતિહા)

એ 'રહમવાલા' પ્રભુના જે જ્ઞાનરાશિમાં જેને શ્રદ્ધા પ્રાપ્ત થઇ હોય તેને તે ભજે છે અને તેમાં એને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સંતોષજનક સાધનો પ્રાપ્ત થાય છે. ધર્મને સાચા સ્નેહથી ભેટેલો કોઈ અતૃપ્ત રહ્યો નથી અને પરાકોટિની બુદ્ધિના વિદ્વાનો ધર્મમાંજ શાંત થઇ ગયા છે. મદમત્ત હાથણી જેવી બુદ્ધિને યથેષ્ટ ફળ આપનારી મીઠડી કામધેનુ બનાવવાનાં જાદુ 'દૈવી વાગ્' પાસેજ છે. સર્વ ધર્મોની આજ સાધારણ ભૂમિકા છે. અને એ ભૂમિકા કંઇ નહિ તો નાસ્તિકની ભૂમિકા જેટલીજ અમોઘ છે અને એનાથી સહસ્ત્રગણી વધારે શાન્તિદાયક છે.

ધર્મના વાડાઓ

પણ અત્યારે વધારે કટાક્ષ તો ધર્મ તરફ **નથી પણ** જેને ધર્મના વાડા કહેવામાં આવે છે તે તરફ છે. આ વસ્તુસ્થિતિ સ્વાભાવિક છે. કારણ કે એવા કહેવાતા વાડાઓના નિયમો માણસને વધારે સ્પર્શ કરે છે. અને પોતાને સીધી રીતે અસર થતી હોય તે બાબતમાં માણસ ઝટ બોલી ઉઠે છે. અલબત એક રીતે જોતાં 'વાડા, વાડીઓ અને વંડીઓની અનિષ્ટતા કબુલ કરવા જેવી છે. પણ એટલુંજ શા માટે? વ્યર્થ મહેનત કર્યા વિના પ્રકૃતિના નૈસર્ગિક મહેલમાં હંસો કે સિંહો જેમ વિચરે છે એમ વિચરવું કેવું આદર્શરૂપ લાગે છે તથાપિ આપણે ગૃહોને સર્જિયે છિયે, રાજકીય પક્ષોના વાડામાં જોસ્સાભેર ભળિયે છિયે; સર્વભૂમિ જે પ્રભુની છે તેમાં દેશોના વાડા બાંધવા કે બચાવવા લાખો જીવનોની આહુતિ આપવા તૈયાર થઇએ છિયે. તો પછી શંકા એ થાય છે કે ધર્મના વાડા તરફનો કટાળો એ તે વાડાનો કટાળો છે કે ધર્મને ધક્કો ચઢાવવાની પેરવી છે? વાડા, વંડા અને વાડીઓ બાંધવા તરફ મનુષ્યોનું સ્વાભાવિક વલણ છે. એમાં મમતાથી ઉત્પન્ન થતા ઉત્સાહ, ઉદ્યમ અને ઉમંગનો લાભ છે તેમ બીજી તરફથી અસહિષ્ણુતા, અસૂયા અને ગેરસમજૂતના ગેરલાભો પણ છે. તથાપિ અત્યારની પરિસ્થિતિમાં એ લગભગ અનિવાર્ય છે. એ બધાનું ઐક્ય સાધવાના સામાન્ય પ્રયત્નો નિષ્ફળ જાય છે કારણ કે ધર્મ એ માણસને મન શાકભાજી જેવી ચીજ નથી કે જે હોય તે ચાલે. પ્રેમની પેઠે શ્રદ્ધા પણ સ્વયંભુ છે અને જેનાં મન જ્યાં ઠર્યાં ત્યાંજ ઠરે છે. એ બધા વાડાઓનું ઐક્ય કરવાનો પ્રયત્ન જો કોઈ મહાન ધાર્મિક હૃદયમાંથી ઉત્પન્ન થાય તો તે 'બ્રહ્મસમાજ'ની પેઠે એક નવો વાડો ઉત્પન્ન કરવામાંજ ફલિત થાય છે. અને જો નાસ્તિક હૃદયમાંથી ધર્મ વિનાનું ઐક્ય પ્રેરવા સારૂ ઉત્પન્ન થયો હોય તો જનસમાજને વધારે હાનિકારક થાય છે.

સંસ્કારો, ક્રિયાઓ અને વિક્રિયાઓના અનેક રીતના મિશ્રણથી મનુષ્યબુદ્ધિમાં એટલી બધી વિકૃતિ, વિચિત્રતા અને ભિન્નતા આવી ગઈ છે કે બધાનું ઐક્ય લગભગ અશક્ય થઈ પડયું છે. બીજી તરફથી ધર્મનાં મહાન સૂત્રોનો ત્યાગ કર્યા પછી તેનું સમર્થ રીતે સ્થાન લઈ શકે એવાં

કોઈ પણ મહાસૂત્રો માનવજીવનને સુખશાન્તિમાં પ્રેરવા સમર્થ થયાં નથી. માનવ જાતિની સરળતાભરી બાલ્યાવસ્થાના

અનિવાર્ય પરિસ્થિતિ

નિર્દોષ જીવનમાં તાલસંવાદનો જે વધારે સંભવ હતો એ સંભવ આપણા યુગમાં નથી. આપણે કૃત્રિમતાના, સંકરતાના અને સંકીર્ણતાના સ્વાભાવિક વિસંવાદમાં છિયે એટલે જે સ્થિતિ આપણને યદૃચ્છયા પ્રાપ્ત થઈ છે તેનાથી કટાળવાનું કામ નથી પણ તેને સમજવાનો અને નિભાવી લેવાનો યત્ન આપણે કરવાનો છે.

કાળા માથાના માનવીએ **ઑથેલોની** પેઠે અંતરના ઉંડા સ્નેહે અને અનેક આરતોથી ડેસ-ડેમોના જેવી મીઠી ઉજળી અને ઉદાર ધર્મભાવનાને પ્રાપ્ત કરી છે. એને એમાં શ્રદ્ધા-વિશ્વાસ છે ત્યાં

સાબિતીઓ શેની ?

સુધી જીવન આનંદમય છે. અને

Ah, what a dusty answer gets the soul
When *hot* for certainties in this our life !

જેને એ પોતાના મનથી 'પાકો પુરાવો' માને છે તે ખોળવામાં અહંકાર અને દૌરાત્મ્યના પ્રતિનિધિ જેવા '**આઈ**આગો'ની શીખામણે વળગે છે ત્યારથી એની શાન્તિનો સૂરજ આથમે છે. સત્ય તો એને મળતુંજ નથી પણ મૃત્યુની સમીપ એ જાય છે. એ આપણા તર્કવાદી જેવા 'ઈઆગો'નો પ્રેરાયો રૂમાલના ટુકડા-ભૌતિક સાબિતી સારૂ ભમે છે. એની દેવી એને કહે છે:—

"It is not lost but what and if it were ?"

જેને ધર્મ પ્રત્યે અંતરની પ્રીત છે જેણે એનાં સુખ અને એનાં પવિત્ર અંતર જોયાં છે એને એનો રૂમાલનો ટુકડો ક્યાં પડ્યો છે તેની બહુ ભાંજગડ થતી નથી **ઑગસ્ટાઈન બિરેલ** મર્મમાં ટુંકામાં કહે છે:—

"We may not proscribe mysticism; it is the main factor of that ideal world by which all human progress is conditioned."

અજ્ઞાત તત્ત્વથી ખંચાઈને ધર્મને ખસેડવાની કાંઈજ જરૂર નથી. ધર્મનાં સૂત્રો અને ઇતિહાસની કથાઓ પણ પરાવિદ્યાની દૃષ્ટિએ અવિદ્યાજ છે, પણ એ અવિદ્યા વડે મૃત્યુને તરી જવાય છે.

આસ્તિકનું મંતવ્ય

દુનિયાંના ધર્મગ્રંથોમાં અતિ પ્રાચીન ગ્રંથ ઋગ્વેદના પૂરુષ સૂક્તમાં વેદરૂપી જ્ઞાનરાશિ પરમાત્માના શ્વાસ રૂપે પ્રકટ થયાનું જણાવ્યું છે. અને એ પ્રમાણે દુનિયાના સર્વ ધર્મો, સંપ્રદાયો કે પંથો મૌલિક જ્ઞાનને પરમેશ્વર પાસેથી અથવા તેના સંદેશવાહકો પાસેથી પ્રાપ્ત થયેલું માને છે. એટલે બુદ્ધિની ચલ નિષ્ઠા જોયા પછી પરિસ્થિતિ આવી રીતની જણાય છે. આપણી સમક્ષ અનેક ગ્રંથો છે જે કહે છે કે ઇશ્વરપ્રેરિત જ્ઞાન તેમાં વિદ્યમાન છે. એક જનસમાજ એક ગ્રંથસમુચ્ચયને તેવા જ્ઞાનના રાશિ રૂપ માને છે; બીજો જનસમાજ બીજાને માને છે; ત્રીજો ત્રીજાને માને છે એટલે કે ઇશ્વરપ્રેરિત જ્ઞાન કિયું તેનાં મતવ્યો જૂદાં છે અને તે મંતવ્યો જૂદાં જૂદાં કારણોથી પ્રાપ્ત થયેલી શ્રદ્ધા ઉપર આધાર રાખે છે. પણ ધાર્મિક શ્રદ્ધાવાળા મનુષ્યનું કહેવું એ છે કે "હું મ્હારી માનુષી બુદ્ધિ ઉપર કે બીજાં મ્હારા જેવાં–ભૂલ કરે એવાં–મનુષ્યોની બુદ્ધિ ઉપર નહિ પણ મ્હારા માનવા પ્રમાણે સર્વજ્ઞની પ્રેરણાથી પ્રાપ્ત થયેલા શ્રદ્ધેય જ્ઞાન ઉપરજ મ્હારા જીવનના મંડાણ માંડવાનું યોગ્ય ગણું છું અને તેવા શ્રદ્ધેય જ્ઞાનના પ્રચારક તરીકે અમુક ગ્રંથને માનું છું." કોઈ કહે કે બધા તો એ જ્ઞાનને તેવું માનતા નથી તો એ એમની મરજીની વાત છે. એને તો એમાં શ્રદ્ધા પડે છે અને એને એ માને છે. આખરે તો એક રીતે બધા મતો એ મતવ્યો અથવા માનિતાઓ જ છે. આ રીતે અનેક સમુદાયો જૂદા જૂદા ધર્મપંથોને માની શકે. અને તેઓની માનિતા બુદ્ધિવાદ કરતા કંઈક વધારે સદ્ધર છે એમ પણ કહી શકાય કારણ કે સર્વજ્ઞ બુદ્ધિજ મૌલિક બૃહત્ સત્યોનો નિર્ણય આપી શકે એ ન્યાયસંમત મહાસત્યને એમણે જોયું છે.

ધર્મ પ્રત્યે બેદરકારી

ધર્મ તરફની અત્યારની બેદરકારીનાં કારણો અનેક છે પ્હેલું કારણ એ છે કે જડવાદ અને જડવાદથી પોષાતું વિજ્ઞાન એ બન્નેએ દુનિયાં સંબંધે નવું દૃષ્ટિબિન્દુ ઉભું કર્યું છે. બીજું કારણ એ છે કે નવા દૃષ્ટિબિન્દુને અંગે મનુષ્યોમાં વિલાસપ્રિયતા વધી છે, અને તેને સંયમના માર્ગો જોડે ફાવટ આવતી નથી. ત્રીજું કારણ એ છે કે પ્રચ્છન્ન નાસ્તિકતાના ગ્રન્થોનો કેળવણીમાં પ્રચાર થવાથી કેળવણી

પામેલા ઘણાઓની શ્રદ્ધા પડી ભાગી છે. પ્રિન્સિપાલ જૉન મૅકેન્ઝી પણ જણાવે છે કે અત્યારના શિક્ષણના સિદ્ધાન્ત અને ક્રિયાના મૂળમાં પ્રચ્છન્ન જડવાદ છે.[૧] ધર્મ તરફની લોકોના પા ભાગની અનાસ્થા, અર્ધા ભાગની બેદરકારી અને પોણા ભાગનાં આંખમિચામણાંના કારણો તો ઉઘાડાં છે. ધર્મ એ આરોહણનો અને સંયમનો માર્ગ છે એટલે એ અઘરો છે. વળી હાલમાં ઇતિર કારણોથી પ્રદિપ્ત થયેલી અહંતા પણ ધર્મ પ્રત્યેનાં રિસામણાનું કારણ છે. કેટલાક એમ સમજે છે કે ' માનવું એટલે પાળવું; અને પાળવું નહિ તો માનવું નહિ ' કારણ, નહિ તો અહંતા જોખમાય. વસ્તુતઃ ધર્મને માનવો એટલે એને અનુસરવાની ભાવના – હાર્દિક ભાવના રાખવી. ધર્મ પ્રમાણે અસ્ખલિત જીવન ગાળવું એટલે તો સિદ્ધ થવું. ધર્માચરણ એ તો ક્ષણસ્ખલન્ત માનવનું અભિલષિત છે, લક્ષ્ય છે. જો સત્યને, દયાને, કે શૌચને આપણે પૂરેપૂરાં પાળી ન શકિયે તો શું એને વંદવાનો પણ આપણને અધિકાર નથી ?

આપણે અને ધર્મભાવના

આપણી સંસ્કૃતિના સૌભાગ્યે ધર્મશ્રદ્ધા ગૃહદેવીની પેઠે આપણા જીવનમાં એવી નિકટવર્તિની થઇ ગઇ છે કે એને ન માનતાં છતાં આપણે એને માનિયે છિયે; એના તરફ કટાક્ષો કરતા છતાં એને ચાહિયે છિયે; અને એનાથી સ્વતંત્ર થવાની હિમાયત કરવા છતાં એના પાશમાં બંધાયેલા રહેવાનું પસંદ કરિયે છિયે. એ મહિલા આપણને વારનારીની પેઠે લલચાવતી નથી. પરકીયાની પેઠે દૂરના ડુંગરના જેવી એનામાં મોહકતા નથી પણ જીવનની નિયન્ત્રણામાં એના વડેજ માનવનાં સૌભાગ્ય છે. એ એની પત્નીના જેવી છે. તથાપિ એ પ્રિયતમા પણ હોવી જોઇયે. તોજ એના મનના અશેષ મનોરથો સફળ થાય. પણ પ્રેમ માગ્યો તાગ્યો આવતો નથી એમાં તો પૂર્વનીયે પ્રીત જોઇયે છિયે એટલે એ વિષે આપણે વધારે નહિ બોલિયે

---

[૧] જુઓ વસન્ત સ્મારક ગ્રન્થ પૃ. ૭૪.

આપણે જરા ઉંડા ઉતરીને જોઈશું તો જણાશે કે ધર્મની મુખ્ય પ્રવૃત્તિ મનુષ્યના વિકારોને મર્યાદિત કરવા તરફ છે. ધર્મમાં નિયંત્રણા છે. વિધિ નિષેધ છે. સ્વચ્છન્દતાનાં ત્યાં ગીત ગવાતાં નથી. સ્વાભાવિક વસ્તુસ્થિતિ એ છે કે મનુષ્ય સ્વભાવતઃ પ્રવૃત્તિ તરફ દોરાય છે અને કામનાઓ તેને તેની પ્રવૃત્તિમાં ગડબડ કરાવે છે. આ ગડબડ એના પોતાના જીવનની, સ્વાસ્થ્યની અને સુખની વિઘાતક છે. એટલે એવી ગરબડ જે રીતે ઓછી થાય એના અમોઘ માર્ગો દર્શાવવાની ધર્મશાસ્ત્રોની પ્રવૃત્તિ હોય છે. આજે આપણા કેટલાક બંધુઓને બન્ધનો ગમતાં નથી. તેઓ કહે છે કે 'આ બંધનો શાં?' 'બધાયમાં સ્વાતંત્ર્ય શા માટે નહિ?' પણ તેઓ ભૂલી જાય છે કે એવું સ્વાતંત્ર્ય તો પશુઓમાં બહુયે છે. સ્વચ્છન્દ વર્તનમાંથી અંકુશિત કરી આત્મબળ તરફ લઈ જઈ માનવને અનેક પાર્થિવ પરાભવોથી મુક્ત કરવો એ ધર્મનું લક્ષ્ય છે. મ્હને કબુલ કરતાં ક્ષોભ થતો નથી કે ધર્મ, એ જેને આપણે સ્વાતંત્ર્ય કહીને ખુશી થઈએ છિયે એનો નિયામક છે. લગ્ન વડે એ માનવના વિલાસને મર્યાદિત કરે છે, તપના વિધાન વડે એ વિકારોને મર્યાદિત કરે છે, પરોપકારના આદેશ વડે લોભ તથા પ્રમાદને મર્યાદિત કરે છે. સત્યના વિધાન વડે વાણીને મર્યાદિત કરે છે, દયા વડે હિંસાને મર્યાદિત કરે છે અને અનેક ન્હાનાં ન્હાનાં વિધાનો વડે ક્રિયાઓને મર્યાદિત કરે છે. તથાપિ આ મર્યાદાઓની સાધનામાંજ મનુષ્યનું ગૌરવ અને ઉન્નતિ રહેલાં છે. ઐન્દ્રિય સુખોથી પર એવી કોઈ આનંદમયી શાન્તિને અર્થે મનુષ્યનું હૃદય તલસે છે; અને ધર્મ એને એ તરફ લઈ જાય છે.

મર્યાદાનાં વિધાન

પણ જ્યારે આપણે સંયમને કે ધર્મને સ્તવિયે ત્યારે એટલું સ્મરણમાં રાખવા જેવું છે કે સંયમ તરફની અભિમુખતા પ્રશંસનીય છે પણ સ્વચ્છન્દ તરફની અભિમુખતાની આપણે નિન્દા ન કરિયે. પ્રશંસનીયનો પ્રેમ ઘણીવાર અયોગ્ય રીતે અપ્રશસ્યની નિન્દામાં પરિણમે છે. પણ એમ કરવાની જરૂર નથી. એક રીતે જોતાં સ્વચ્છન્દ–પ્રવૃત્તિ એ પણ સંયમ–પ્રવૃત્તિ કરતાં વધારે સામાન્ય હોય છે કારણ કે એ પણ

પ્રકૃતિનાં પુરાતન દ્વંદ્વો

સ્વાભાવિક છે. દ્વન્દ્વો એજ સંસાર છે અને દ્વંદ્વોના પરસ્પર સંવાદ વા વિસંવાદ, સંબંધ વા સંઘર્ષથી જીવનની લીલા રચાય છે. આવાં દ્વંદ્વો એ પરમાત્માની માયાનોજ વિલાસ છે. **एको ऽहं बहु स्याम्** એ સ્રષ્ટાનીજ આદિ ભાવના છે અને નિર્વિકલ્પ સ્થિતિમાંથી સવિકલ્પ થવાની સાથેજ દ્વંદ્વોનો જન્મ છે. આપણને એકલાં ગમતું નથી કારણકે આપણે એ પ્રભુની પ્રતિચ્છાયાઓ છિયે. **एकाकी न रमते ।** એ એકલો રમણ કરતો નથી અને રમવાને માટે લીલા-સૃષ્ટિ રચે છે. એ લીલાની કલ્પના વડેજ આપણે સમગ્ર વિરોધોનો પુરસ્કાર કરી શકિયે છિયે. વિરોધો એ બીજી દૃષ્ટિએ તો પૂર્તિઓ છે. દુઃખ એ સુખની પૂર્તિ છે, પ્રવૃત્તિ એ નિવૃત્તિની પૂર્તિ છે, હર્ષ એ શોકની પૂર્તિ છે, સ્ત્રી એ પુરુષની પૂર્તિ છે, અવિદ્યા એ વિદ્યાની પૂર્તિ છે, અંધકાર એ પ્રકાશની પૂર્તિ છે અને પરલોક એ આ લોકની પૂર્તિ છે. પરસ્પરને આશ્રયેજ એ દ્વંદ્વો પ્રકાશે છે. ગુણની વિકૃતિની સાથેજ એ દ્વંદ્વો ઉત્પન્ન થાય છે. આ દ્વંદ્વોની લીલાના લ્હાવા લઈ તેનાથી પર થઈ કૈવલ્ય સાધવાની ધર્મ માર્ગની યોજના છે. એ દ્વંદ્વો તરફ પ્રકૃતિનો સ્વભાવ જીવને લઈ જાય છે. પણ તે દ્વંદ્વોથી વિનિર્મુક્ત થઈ શાશ્વતી શાન્તિ સાધવાનો મહાનુભાવોનો પ્રયત્ન હોય છે. તેઓ તેનાથી પરાભવ પામતા નથી તેમ તેનો પરાજય કરવા પણ બહુ ઉત્સુક હોતા નથી; પણ પ્રભુની લીલાના ન્હાના ખેલ રૂપે એને જુએ છે.

સામર્થ્યની સૌદામિની

આપણી નવી પાશ્ચાત્યશિક્ષાએ ગુલામી મનોદશા આણ્યાનું કહેવાય છે. એ બીજાં પ્રકરણોમાં તો ગમે તેટલું વાસ્તવિક હોય પણ ધર્મની માન્યતાના વિષયમાં તો એ ટોપી બહુ બંધબેસતી આવે છે. આપણે આપણાં શાસ્ત્રોનાં વિધાન, વિવેચન અને વિજ્ઞાનમાં પશ્ચિમનાં પ્રમાણપત્ર માગિયે છિયે. પણ આપણે ધ્યાનમાં રાખવાનું છે કે યુરોપ પણ અત્યારે એવા ઇન્દ્રિયવિજ્ઞાનવાદના પંજામાં છે કે જે બાહ્ય ઇન્દ્રિયોની ગુલામીમાં બુદ્ધિને રાખે છે; એ એક એવા વમળમાં છે કે એના પોતાના મનનુંજ ઠેકાણું નથી; એ એક એવા વ્યામોહમાં છે કે ઉન્નત ભાવનાઓ એનામાં જામી શકતીજ નથી; એ એવા અહંકારના ઉન્માદમાં છે કે માનવ કલ્યાણનો પથ્યમાર્ગ

એના ધ્યાનમાં આવતોજ નથી. આવી અંતઃકરણની દશાને વિષે હું એટલું કહેવાની તો હિંમત ધરૂં કે આપણે એનાથી ગભરાઇ જવાનું અને ઘડીએ ઘડીએ એનેજ પૂછવા જવાનું કારણ નથી. અલબત, ત્યાં એક વસ્તુ છે કે જેણે આપણને આંજી દીધા છે અને તે ભૌતિક સામર્થ્ય છે. આ ભૌતિક સામર્થ્ય એટલી બધી મહાન વસ્તુ છે કે તે જેનામાં ન હોય તે કૃપણ અથવા પામર બની જાય તો તેમાં આશ્ચર્ય નથી. એ ભૌતિક સામર્થ્યને સારૂ સુરો અને અસુરો બન્ને યત્ન કરે છે. પણ મ્હારૂં આપને વિનમ્ર નિવેદન એ છે કે ભૌતિક સામર્થ્યની સૌદામિની શક્તિ પણ ધર્મ માર્ગમાં જેવી વિરાજે છે એવી બીજા કશામાં વિરાજતી નથી.

ધર્મની સર્વ-સાધારણ ભૂમિકા

આપણે આપણી સમીક્ષામાં જોયું છે કે ધર્મની એક સર્વ સાધારણ ભૂમિકા છે. ઇશ્વર અથવા ઇશ્વરવિભૂતિ એ એનું કેન્દ્ર છે. સર્વજ્ઞપ્રેરિત શાસ્ત્રો એ એનો આધાર છે. સદાચાર, ઇશ્વરભક્તિ અને તત્ત્વદર્શનના આદર્શોથી એનું વાતાવરણ ઓતપ્રોત થએલું હોય છે, અને સત્ય, દયા, તપ અને પવિત્રતાના વિવિધ માર્ગો, ન્હાના અને મ્હોટા, સરલ અને કઠિન, મૃદુ કે ઉગ્ર, છાયા કે તાપવાળા તેમાં ચારે તરફ વિસ્તરે છે. તે માર્ગો ભિન્ન હોય છે પણ વિરોધી નથી. એ કેવળ જૂદા દેખાતા માર્ગો એક કેન્દ્રમાં મળે છે એ વાત એ ભૂમિકાના અનુભવીઓને અજાણી નથી. વળી ધર્મની વિશિષ્ટ મહત્તા તો જીવનના સંવાદના વિધાયક તરીકે છે. એ શક્તિને તોડનારાઓ પોતે શું કરે છે તે જાણતા નથી. ધર્મના ત્યાગ પછી પાશવતા છે અને કામવાસનાઓના અનિયંત્રિત વ્યવસાયવાળી પાશવતા તો પશુઓમાંયે નથી. આપણને ધર્મનું આ કે તે અંગ ફાવતું ન આવે માટે જો આપણે ધર્મ ઉપરજ ઘા કરિયે તો જે ડાળ ઉપર આપણે બેઠા છિયે એના ઉપરજ ઘા કરિયે છિયે એમજ કહેવું પડે. કારણ કે **આપણા સ્નેહના, સદ્‌ગુણના અને સૌષ્ઠવના વર્તમાન આદર્શો ધર્મ ઉપર નહિ તો શેના ઉપર રહેલા છે?**

ધર્મ એ તો સંસારયાત્રાનો જ એક મહામાર્ગ છે. એની સડકોના પાટા લોઢાના લાગે છે, સખત લાગે છે; એના ઉપર ચાલનારી ટ્રૈન બીજે માર્ગે જઈ શકતી નથી. પણ તેથી તેની ઉપયોગી તાને કોણ વિસારી શકે? એના સ્ટેશનોએ મીઠાં પાણી, ચેવડા, મિઠાઈઓ અને હવે તો ચાહ પણ છાકમછોળ મળે છે. એ ટ્રૈનવડે પોતાને સ્થાને જવાય છે. એને સ્હેજમાં ઉથલાવી શકાતી નથી પણ એના પાટાને તોડવાને વિલાયતી હથીઆરો સારાં આવે છે એ પાટા તૂટતાં ઉપર જનારી ટ્રૈન અફળાઈ પડે છે, એટલુંજ નહિ પણ તેના એન્જીનનું સર્વ જોમ તેને ઉલ્ટું વધારે હેરાન કરી નાંખે છે; ટ્રૈન પથરામાં ધસી જાય છે; તેમાં બેસનારાના માથાં અથડાય છે અને કેટલાકના તો જીવે જોખમાઈ જાય છે. પણ એવા જોમ વિના અને એવા લોઢાના પાટા વિના, એવા સગવડતાનાં સ્ટેશનો વિના અને એવાં નિયમન કરનારા સંચાલકો વિના નરી–યાદથી આપણે હરિદ્વાર ભાગ્યેજ જઈ શકિયે. ધર્મમાર્ગમાં આ બધું છે, ધર્મ એ હવાઈ બંધારણ નથી પણ હજારો વર્ષોથી માનવજીવનમાં ઓતપ્રોત થયેલું મહાસત્ય છે.

સંસારનો મહામાર્ગ

આ ભારતના હિમાલય સમા ધર્મના હરિદ્વારની યાત્રા આપણે નહિ કરિયે તો કોણ કરશે? એ હિમાલયની હારોની ત્રિપુટીની પ્હેલી હારમાં કર્મનિષ્ઠાની કુંજો છે, બીજીમાં ભક્તિનાં મીઠાં ઝરણાં છે અને ત્રીજી હારમાં વિદ્યાનાં શ્વેત હિમનાં આલયઃ છે એની યાત્રા કઠિન તો છે પણ તે પુષ્ટિમયી, જીવનમયી અને આનંદમયી છે. એમાં ચઢાવો ચઢવાના છે પણ એની ઉચ્ચ ભૂમિકા અને શિખરોના દિવ્ય આનંદોમાં આપના પરિશ્રમોનો બદલો વળી જશે. એના ઘાટના માર્ગોથી આપને ત્રિવિષ્ટપમાં જવું હશે તોપણ જવાશે. ત્યાંની અપ્સરાઓનો તમને વસવસો હોય તો તમારા માનસ સરોવરની અપ્સરાઓને તમે સાથે લઈ જશો વૈદિકોની પેઠે આપણા વિદ્વાનો પણ સમગ્ર પ્રજાને અર્થે નરનારીના દ્વંદ્વની સંગતિનું સ્વર્ગના અગ્નિહોત્રમાં સંવિધાન કરે છે. એ ધવલગિરિનાં શૃંગોએ પ્હોંચવું એ તો આપણામાંના ઘણાખરાનો આદર્શજ રહેશે કેમકે કૈલાસ

એની પુણ્યયાત્રા

આદિ શિખરો ઉપર સદા વિરાગનાં હિમ વસે છે. તથાપિ એ ગિ કુંજનિકુંજો અને ઉપવનોનો મહિમા પણ ઓછો નથી. ત્યાં અ વનસ્પતિ ખીલે છે. ત્યાંનાં કુસુમો તો આપણી પૃથ્વીનાં કુસુમે બહુ વિશાળ સુવાસિત અને સુરંગી છે. શંકા હોય તો ત્યાં જઈ ગૌરાંગોને પૂછજો. હવે તો પશ્ચિમનાં પાણી પણ એ હિમાલયે ચ છે. શું આપણેજ એ દિવ્યગિરિને વિસારિશું ? ત્યાં તો પ્રકૃતિ દંબાનાં ધામ છે, ત્યાં શિવનાં નિત્યનાં નિવાસસ્થાન છે અને ખોળામાં ગણોના ઈશ સિદ્ધિ અને બુદ્ધિરૂપી આત્મશક્તિઓ સમેત

આપણો સ્નેહ-પ્રદેશ

એ પુરાતન, સનાતન હિમાલય તમારા દેશમાં વિરાજે છે તેની શીતળ છાયામાં તમારો દેશ વિસ્તરે છે. એ હિમગિરિ પ્રદેશોમાં તમારા મુનિવરો વસે છે એ દિવ્ય સ્રોતોમાંથી વહેતી ગંગા, યમુના, બ્રહ્મપુત્રા આદિ અનેક નદિઓ આ ભૂમિકા કરે છે. એજ લોકપાવની મહાનદીઓનાં સાભ્રમતી, મહી, નર્મદા અને તપતી જેવાં પુણ્ય રૂપોથી અંકિત રસપ્રદેશમાં આપનાં સ્થાન છે. એ સ્થાનનાં માહાત્મ્ય અને એ સ્નાનના મહિમા મ્હારે આપને કહેવાના હોય નહિ. એ તો પિતરોની અંતરૂર્મિઓથી ઉભરાતો અને આપનાં તર્પણોને યાચતો સ્નેહપ્રદેશ છે. એ ભૂમિકા આપનીજ થાઓ અને એ ભૂમિકામાં ને નિઃશ્રેયસને સાધતા આપ વિચરો એજ આપના શિષ્ટોની સ્ને ભાવના અને [illegible] ના અભિલાષ છે.

મુદ્રકઃ—વજેરામ માનસિંહ "સુરત સિટિ" પ્રિન્ટિંગ પ્રેસ, સુરત.